રાજનૈ/જાવૈ/આરોગ્ય/ ૧૧૯૭ **પ્રશ્ન નં. ૨૯ (૧)**

તારીખ :૧૪/૦૭/૨૦૨૬

**વિષય : તા.૨૦/૧૧/૨૦૨૫ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ :** વોર્ડ નં. ૦૧ નાં કોર્પોરેટરશ્રી અંજનાબેન અલ્પેશભાઈ મોરજરીયા,રાજકોટ મહાનગરપાલિકા

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૯ | ૧ | રાજકોટ મહાનગરપાલિકામાં કુલ આરોગ્ય કેન્દ્ર કેટલા? આ આરોગ્ય કેન્દ્રમાં ક્યા ક્યા રોગની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે? | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત કુલ ૩૧ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે. આ તમામ શ.પ્રા.આ.કે.માં લોકોને પૂરી પાડવામાં આવતી સેવાઓની માહિતી તેમજ વિનામૂલ્યે કરવામાં આવતી સારવારની માહિતી નીચે પત્રક-૦૧ થી સામેલ રાખેલ છે. |

શાખા: આરોગ્ય શાખા

શાખાધિકારીની સહી: ____________

શાખાધિકારીનું નામ: ડૉ.જયેશકુમાર એલ. વકાણી

હોદ્દો: આરોગ્ય અધિકારી

## પ્રશ્ન નં.૨૯ (૧)

## <u>પત્રક-૦૧</u>

શહેરના તમામ ૩૧ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં રવિવાર સિવાય દરરોજ સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ વાગ્યા સુધી અને બપોર પછી ૦૪:૦૦ થી ૦૬:૦૦ વાગ્યા સુધી તથા નાગરિકોને જનરલ ઓ.પી.ડી.ની સેવાઓ તેમજ ડાયાબિટીસ, બ્લડ પ્રેસર અને ટી.બી.ના નિદાનની સેવા તેમજ મેલેરિયાના નિદાન અને સારવારની સેવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. જ્યારે દર અઠવાડિયે એક વાર સ્ત્રી રોગ નિષ્ણાંત અને બાળ રોગ નિષ્ણાંતની સેવા લોકોને મળી રહી છે.

આ ઉપરાંત સગર્ભા બહેનોની આરોગ્ય તપાસ, જેમાં HB, બ્લડ પ્રેશર, પેશાબના રીપોર્ટ, થેલેસેમિયા, બ્લડ શુગર તેમજ સીફીલીસ, સિરોલોજી ટેસ્ટ, હેપેટાઈટીસ-બી ટેસ્ટ અને ટીડી રસીકરણની સેવાઓ તેમજ ૦ થી ૫ વર્ષના બાળકોના રસીકરણમાં BCG – બાળ ટીબી વિરોધી રસી, POLIO – પોલીયો વિરોધી રસી, FIPV - પોલીયો વિરોધી રસી, PCV – ન્યુમોકોકલ રસી, PENTA – પંચગુણી રસી, MR – ઓરી રૂબેલા રસી, ROTAVIRUS , VITAMIN – A અને DPT – ત્રિગુણી રસી પણ વિનામૂલ્યે આપવામાં આવે છે.

સાથોસાથ વિનામૂલ્યે કુટંબ નિયોજનની સેવા (જેમાં કોપર-ટી, અંતરા ઇન્જેક્શન, કોન્ડમ), સિવિયર એનીમિયા ધરાવતી સગર્ભા બહેનોને આર્યન સુક્રોઝની વિનામૂલ્યે સેવા, કૂતરું કરડવાના કિસ્સામાં વિનામૂલ્યે ANTIRABIES VACCINE (એટલે કે હડકવા વિરોધી રસી), આયુષ્માન કાર્ડ નોંધણી, આયુષ્માન કાર્ડ વિતરણ, આભા કાર્ડ જનરેશનની કામગીરી વિનામૂલ્યે કરી આપવામાં આવી રહી છે.

શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા એનીમિયા મુક્ત ભારત પ્રોગ્રામ હેઠળ સ્કુલે જતા અને ન જતા તેમજ આંગણવાડીના બાળકો, સગર્ભા બેહનો, કિશોર અને કિશોરીને વિનામૂલ્યે IRON FOLIC ACID સપ્લીમેન્ટ આપવામાં આવે છે. તેમજ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત પહેલી ડીલીવરીમાં બાળક ત્રણ મહિનાની રસીકરણ પૂર્ણ કરે ત્યારે રૂ.૬૦૦૦ ની સહાય તેમજ બીજી બાળક ફીમેલ બાળક હોય ત્યારે રૂ.૬૦૦૦ ની સહાય પણ આપવામાં આવે છે.

સગર્ભાવસ્થા દરમિયાન અને બાદમાં તંદુરસ્ત માતા તેમજ તંદુરસ્ત બાળકનાં ઉદેશ્યને સાકાર કરવા માટે ઉપરાંત માતામરણ અને બાળમરણનાં દરને ઘટાડવા માટે પ્રથમ અને દ્વિતીય સગર્ભાવસ્થા દરમિયાન કુલ ૪ હપ્તામાં PMMVY સહીત કુલ રૂ.૧૨૦૦૦/- ની સહાય મળવાપાત્ર છે. જેમાં અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતીની મહિલાઓ (૨) જે મહિલાઓ આંશિક રીતે (૪૦%) અથવા સંપૂર્ણ વિકલાંગ છે (દિવ્યાંગ જન) (3) BPL રેશન કાર્ડ ધારક મહિલા (૪) પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) – આયુષ્માન ભારત હેઠળ કાર્ડ ધારક સગર્ભા લાભાર્થીઓને મળવાપાત્ર રહેશે.

આ ઉપરાંત જનની સુરક્ષા યોજના અંતર્ગત BPLL, અનુસુચિત જાતી/અનુસુચિત જનજાતિની સગર્ભા બહેનોને રૂ.૬૦૦ની સહાય, કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત BPL લાભાર્થીને બીજા અને ત્રીજા બાળકની ડીલીવરી સમયે રૂ.૬૦૦૦ની સહાય, નિક્ષય પોષણ સહાય અંતર્ગત ટી.બી.ની સારવાર લેતા દર્દીને રૂ. ૫૦૦ ની દર મહીને સહાય અને મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત હિમોગ્લોબીન, બ્લડ સુગર, પેશાબની તપાસ, CBC, મેલેરિયા, ટાઈફોઈડ, ઝેરી કમરો, સીફીલીસ, એચ.આઈ.વી, થેલેસેમિયા ટેસ્ટની તપાસ, બ્લડગ્રૂપ, ચેપની તપાસ, ગળફાની તપાસ, કીડની, લીવર, ચરબીની પ્રોફાઈલ અંગેની સેવાઓ પણ વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓને વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટની સેવાઓ મફતમાં આપવામાં આવે છે. આ સેવાઓ ઉપર એક નજર ફેરવીએ તો....

| ક્રમ | ટેસ્ટનું નામ | ટેસ્ટનું ઉદેશ્ય |
|---|---|---|
| ૧ | હિમોગ્લોબીન ની તપાસ | એનીમિયા |
| ૨ | રેન્ડમ બ્લડ સુગર | ડાયાબીટીસ |
| 3 | ભૂખ્યા પેટે સુગર | ડાયાબીટીસ |
| ૪ | જમ્યા પછી એક કલાકે બ્લડ સુગર | ડાયાબીટીસ |
| ૫ | યુરીન સુગર | ડાયાબીટીસ |
| ૬ | યુરીન આલ્બ્યુંમીન | ડાયાબીટીસ |
| ૭ | પ્રસુતિ તપાસ | પ્રેગનેન્સી |
| ૮ | ટોટલ લ્યુકોસાઈટ કાઉન્ટ (TC DC) | સંક્રમણ |
| ૯ | મેલેરિયા પેરાસાઈટ ટેસ્ટ | મેલેરિયા |
| ૧૦ | ઈ.એસ.આર. | સંક્રમણ |
| ૧૧ | એચ.બી.એસ.એ.જી. | વાઈરલ હેપેટાઈટીસ |
| ૧૨ | બ્લડ ગ્રુપ | બ્લડ ગ્રુપ |
| ૧૩ | એચ.આઈ.વી.ટેસ્ટ | એચ.આઈ.વી. |
| ૧૪ | વિડાલ સ્લાઈડ ટેસ્ટ | ટાઈફોડ |
| ૧૫ | વિ.ડી.આર.એલ. રેપીડ ટેસ્ટ / આર.પી.આર.ટેસ્ટ | સીફીલીસ |
| ૧૬ | ગળફાની તપાસ | ક્ષય |

તમામ આરોગ્ય કેન્દ્રો પર ECG ની સુવિધા ચાર યુ.પી.એચ.સી. પર Auto Clinical Analyzer ની સુવિધા તેમજ Cell Counterની સુવિધા અને શહેરી ટીબી સેન્ટર પર X-Ray સુવિધા પણ વિનામૂલ્યે ઉપલબ્ધ છે, જેનો સૌ કોઈ નાગરિકો લાભ લઇ શકે છે.

## શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

| ક્રમ | ઝોન | વોર્ડ નં. | આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ૨ | બજરંગવાડી આરોગ્ય કેન્દ્ર |
| ૨ | | ૩ | જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્ર |
| ૩ | | ૩ | રેલનગર આરોગ્ય કેન્દ્ર |
| ૪ | | ૭ | રામનાથપરા આરોગ્ય કેન્દ્ર |
| ૫ | | ૭ | વિજય પ્લોટ આરોગ્ય કેન્દ્ર |
| ૬ | | ૧૩ | નારાયણનગર આરોગ્ય કેન્દ્ર |
| ૭ | | ૧૪ | અખિલ હિન્દ મહિલા પરિષદ આરોગ્ય કેન્દ્ર |
| ૮ | | ૧૭ | ન્યુ રઘુવીર આરોગ્ય કેન્દ્ર |
| ૯ | | ૧૭ | હુડકો આરોગ્ય કેન્દ્ર |
| ૧૦ | | ૩ | માધાપર આરોગ્ય કેન્દ્ર |
| ૧૧ | ઇસ્ટ ઝોન | ૪ | ભગવતીપરા આરોગ્ય કેન્દ્ર |
| ૧૨ | | ૪ | મોરબી રોડ આરોગ્ય કેન્દ્ર |
| ૧૩ | | ૫ | આઈ. એમ. એ. આરોગ્ય કેન્દ્ર |
| ૧૪ | | ૫ | માલધારી આરોગ્ય કેન્દ્ર |
| ૧૫ | | ૬ | કબીરવન આરોગ્ય કેન્દ્ર |
| ૧૬ | | ૬ | રામ પાર્ક આરોગ્ય કેન્દ્ર |
| ૧૭ | | ૧૫ | સ્વ. શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર |
| ૧૮ | | ૧૬ | પ્રણામી ચોક આરોગ્ય કેન્દ્ર |
| ૧૯ | | ૧૮ | કોઠારીયા આરોગ્ય કેન્દ્ર |
| ૨૦ | | ૧૮ | કોઠારીયા સોલવંટ આરોગ્ય કેન્દ્ર |
| ૨૧ | વેસ્ટ ઝોન | ૧ | શ્યામ નગર આરોગ્ય કેન્દ્ર |
| ૨૨ | | ૧ | રૈયાધાર આરોગ્ય કેન્દ્ર |
| ૨૩ | | ૮ | નાનામૌવા આરોગ્ય કેન્દ્ર |
| ૨૪ | | ૧૧ | કણકોટ રોડ આરોગ્ય કેન્દ્ર |
| ૨૫ | | ૯ | મુંજકા આરોગ્ય કેન્દ્ર |
| ૨૬ | | ૯ | નંદનવન આરોગ્ય કેન્દ્ર |
| ૨૭ | | 10 | દીપવન આરોગ્ય કેન્દ્ર |
| ૨૮ | | ૧૧ | મવડી આરોગ્ય કેન્દ્ર |
| ૨૯ | | ૧૨ | વાવડી આરોગ્ય કેન્દ્ર |
| ૩૦ | | ૧૩ | આંબેડકર નગર આરોગ્ય કેન્દ્ર |
| ૩૧ | | ૧૪ | લક્ષ્મીનગર આરોગ્ય કેન્દ્ર |

આયુષ્યમાન આરોગ્ય મંદિર (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર) ની યાદી

| ક્રમ | હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર નામ | હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર સરનામું |
|---|---|---|
| ૧ | ગાયત્રી ધામ | ગાયત્રી ધામ રોડ 3 - ગાયત્રી ધામ, બજરંગવાડી, રાજકોટ - 3 ૬0007 |
| ૨ | ઉદ્યોગનગર | ઉદ્યોગનગર કોલોની, ગોંડલ રોડ, રાજકોટ |
| 3 | હાઉસ ઓમ જાડેજા રેલ નગર | હાઉસ ઓમ જાડેજા રેલ નગર સાઈ બાબા સોસાયટી રાજકોટ |
| ૪ | રૂખડિયા પરા શેરી ૮ | રૂખડિયા પરા શેરી નં ૮ સેન્ટ્રલ જેલ મંગલ પાંડેય સ્કુલ પાછાળ રાજકોટ |
| ૫ | ધાંચીવાડ -1 | ધાંચીવાડ શેરી નં -1, નવયુગ પરા-2 કોર્નર |
| ૬ | મૂકરબા શેરી | ડગબર શેરી, ગરુડ ગરબી ચોક રામનાથપરા |
| ૭ | નવલ નગર 3 | નવલ નગર 3/ 18 નો ખુણો,વાછરા દાદા મંદિર ની સામે,નવલનગર મેઈન રોડ,રાજકોટ. |
| ૮ | ગુરુપ્રસાદ ચોક (ત્રિવેણીનગર) | ત્રિવેણી નગર શેરી નંબર 3,ગુરૂ પ્રસાદ ચોક,રાજકોટ. |
| ૯ | મીલપરા | કાશી કુંજ, મીલપરા શેરી નં-૮/૨૧ ખૂણો, ચામુંડા વેલ્ડીંગ વર્કસ સામે |
| ૧૦ | કેવડાવાડી | કેવડાવાડી ૬/૨૧ ખૂણો, શ્યામ પ્રોવિઝન સ્ટોર સામે |
| ૧૧ | ન્યુ લાલ બહાદુર સોસાયટી | ન્યુ લાલ બહાદુર સોસાયટી પ્લોટ નંબર ૬૧/એ, પાણીના ટાકા પાસે, બોલબાલા માર્ગ, ૮૦ ફૂટ રોડ, રાજકોટ |
| ૧૨ | ઈન્દીરા નગર | ઈન્દીરા નગર-૪, વૈશાલી પાન વાળી, રાજકોટ |
| ૧૩ | શ્રધ્ધા પાર્ક સોસાયટી | ડી-માર્ટ ની સામે , શ્રધ્ધા પાર્ક ,૪૦ ફૂટ રોડ ,રાજકોટ |
| ૧૪ | રાધાક્રીશ્ના સોસાયટી | રાધાક્રીશ્ના સો.,પ્લોટ નં. ૧૦૨ થી ૧૦૯ ,મેલડી માતાજી મંદિરની પાછળ ,કોઠારિયા ૧૫૦ ફૂટ રીંગ રોડ ,રાજકોટ |
| ૧૫ | માધાપર અર્બન હેલ્થ સેન્ટર | શ્રી દ્વારકાધીશ પેટ્રોલપંપ પાસે તાલુકા શાળા સામે |
| ૧૬ | ઘંટેશ્વર 2 | કર્નલ બંગલાની પાછળ હેપ્પી સ્કૂલ ની બાજુમાં |
| ૧૭ | જય પ્રકાશ | જય પ્રકાશ નગર સેરી નં મેલડી માતાજીનાં મંદિર પાસે |
| ૧૮ | રોહિદાસ પરા | રોહિદાસપરા સેરી નં 4 ખૂસબુ પ્રોવિજન સ્ટોર |
| ૧૯ | સોહમનગર | સોહમનગર કો ઓપરેટીવ સોસાયટી,પ્લોટ નં ૯3,રેલ્વે ક્રોસિંગ પાસે,મોરબી રોડ |
| ૨૦ | ખોડીયાર પાર્ક હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર | ખોડીયાર પાર્ક શેરી નં -૫ નવાગામ મેઈન રોડ રાજકોટ- 3 ૬0003 |
| ૨૧ | મંછાનગર -૧ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર | મંછાનગર -૧ ખોડીયાર ટેકરી રોડ તૃપ્તિબેન ની આ.વાડી પાસે. રાજકોટ-3 ૬0003 |
| ૨૨ | વ્રજભૂમિ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર | "વ્રજભૂમિ માલધારી "માર્કેટિંગ યાર્ડ મેઈન રોડ ગાર્ડન પરોઠા હાઉસ પાછળ રાજકોટ- 3 ૬0003 |
| ૨૩ | ત્રિવેણી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર | ત્રિવેણી શેરી નંબર -૧ |

| | | |
|---|---|---|
| ૨૪ | ગંજીવાડા | ગંજીવાડા ૩૩/૧૯ ભાવનગર રોડ ભગત મંડપ સર્વિસ પાસે રામાપીર ચોક રાજકોટ |
| ૨૫ | માંડાડુંગર | માંડાડુંગર ભીમરાવનગર અરીહંત ટેલીકોમ સામે રાજકોટ |
| ૨૬ | ક્રિષ્નાપાર્ક | ક્રિષ્ના પાર્ક-૨,બુધ્ધ ભગવાનની ડેરી ,કોમન પ્લોટની સામે,થોરાળા,રાજકોટ |
| ૨૭ | લાખાજીરાજ ઉધ્યોગનગર | લાખાજીરાજ ઉધ્યોગનગર-૧૨, થોરાળા પોલીસ ચોકી ની શેરીની બાજુમાં |
| ૨૮ | ન્યુ સાગર સોસાયટી | ન્યુ સાગર સોસાયટી-૫, કેદારનાથ ગેઈટની અંદર, કોઠારિયા રોડ,રાજકોટ |
| ૨૯ | પટેલનગર | પટેલનગર કોઠારિયા રોડ રાજકોટ |
| 30 | કોઠારીયા સોલવન્ટ | સીતારામ સોસાયટી શેરી નં-૬, કોઠારીયા સોલ્વન્ટ |
| ૩૧ | ગુલાબનગર | કનેયા ડેરી પાસે ,કોઠારીયા ગુલાબનગર |
| ૩૨ | વેલનાથ પાર્ક | વેલનાથ પાર્ક કોઠારીયા |
| ૩૩ | પંચાયત ચોક | પંચાયત ચોક, રૈયા ગામ, રાજકોટ |
| ૩૪ | ભોમેશ્વર પ્લોટ | ભોમેશ્વર પ્લોટ,જામનગર રોડ,રાજકોટ |
| ૩૫ | વૈશાલીનગર | વૈશાલીનગર શેરી નં ૭ |
| ૩૬ | હિંગળાજનગર | નાલંદા સોસાયટી શેરી નં |
| ૩૭ | સ્પીડવેલ પાર્ટી પ્લોટ | સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક,વ્રજ,રંગ રેસીડેન્સી,મેન રોડ |
| ૩૮ | સ્વામિનારાયણ પાર્ક | ઉદય નગર શેરી ન.૧૨ સત્કાર સ્કૂલ ની બાજુમાં મવડી ચોકડી,મવડી, |
| ૩૯ | રૂડા ૩ | પ્લોટનં. ૧૩૦ , રૂડા ૩, ઇસ્કોન મંદિર પાછળ, કાલાવડ રોડ |
| ૪૦ | ઉપવન | એલ.૨૮૯, મોટામૌવા, ઉપવન પાર્ક, કાલાવડ રોડ |
| ૪૧ | ગોપાલ ચોક | બાલમુકુન્દ સોસાયટી શેરી નં-૩ સધુવાસવાણી રોડ , રાજકોટ |
| ૪૨ | ક્રિષ્ના પાર્ક | ક્રિષ્ના પાર્ક સોસાયટી શેરી નં-૨ , આલાપ સેન્ચુરી સામે ,કાલાવડ રોડ રાજકોટ |
| ૪૩ | શક્તિનગર | શ્રીનાથજી સોસાયટી - ૬ , મવડી મેન રોડ |
| ૪૪ | વાવડી | ઈગલ રેસીડેન્સી , ગોવર્ધન ચોક |
| ૪૫ | લક્ષ્મીનગર | લક્ષ્મીનગર ૬-એ- કોર્નર,લક્ષ્મીનગર મેઈન રોડ,આત્મન ડેન્ટલ કલીનીક પાસે,રાજકોટ.૩૬૦૦૦૪ |
| ૪૬ | ન્યુ વિશ્વનગર | "ખોડીયાર કૃપા", ન્યુ વિશ્વનગર શેરી નં.૦૨,૫૦ ft ખીજડાવાળો રોડ,માયાણી આવાસ ક્વાટર પાસે,રાજકોટ.૩૬૦૦૦૪ |

# પ્રશ્ન નં. ૨૯ (૨)

રા.મ.ન.પા. /આરોગ્ય/ જા. નં. / ૧૧૯૮ તારીખ : ૧૪/ ૦૭ / ૨૦૨૬

<u>વિષય :</u> તા.૨૦ / ૦૭ / ૨૦૨૬ ના રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ
<u>સભ્યશ્રીનું નામ</u> : કોર્પોરેટરશ્રી અંજનાબેન અલ્પેશભાઇ મોરઝરીયા, વોર્ડ નં. : ૧

| પ્રશ્ન નંબર | પેટા પ્રશ્ન નંબર | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૯ | ૨ | રાજકોટ મહાનગરપાલિકાના ફોગીંગ મશીન કેટલા ? | રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાની શહેરી મેલેરિયા યોજના પાસે જુન – ૨૦૨૬ની સ્થિતીએ ૬૨ પોર્ટેબલ તથા ૯ વ્હીકલ માઉન્ટેડ ફોગિંગ મશીનો ઉપલબ્ધ છે. |
| | | તેનો દૈનિક કામગીરીનો રૂટ કઇ રીતે નકકી કરવામાં આવે છે ? | વાહકજન્ય રોગ નિયંત્રણ પોગ્રામ અનુસાર ફોગીંગ એટલે કે પુખ્ત મચ્છરનાશક કામગીરી મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા પોઝિટીવ કેસ વિસ્તારની આસપાસના વિસ્તારોમાં ચેપી મચ્છરના નાશ માટે કરવાનું રહે છે. ફોગીંગ – પુખ્ત મચ્છરનાશક કામગીરી નિયમીત કરવાની કામગીરી નથી<br>હાલ જે વિસ્તારમાં મેલેરિયા, ડેન્ગ્યુ કે ચિકુનગુનિયા પોઝિટીવ કેસ નોંધાય તેની આસપાસના વિસ્તારમાં તથા મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં મચ્છર ઉપદ્રવની ફરીયાદ મળે તેવા વિસ્તારમાં ફોગીંગ કામગીરી કરાવામાં આવે છે. |

શાખા: <u>આરોગ્ય શાખા</u>

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: <u>ડો.જયેશકુમાર એલ. વકાણી</u>

હોદ્દો: <u>આરોગ્ય અધિકારી</u>

રા.મ.ન.પા./આરોગ્ય/ જા.નં. ૨૨૯૮              તારીખ:૧૭/૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : વોર્ડ નં. 01 ના કોર્પોરેટરશ્રી અંજનાબેન અલ્પેશભાઇ મોરજરિયા

<table>
<tr><th>પ્રશ્ન ક્રમ</th><th>પેટા પ્રશ્ન</th><th>પ્રશ્નની વિગત</th><th>જવાબ</th></tr>
<tr><td>૨૯</td><td>3</td><td>ફૂડ વિભાગમાં ફૂડ ઈન્સ્પેકટરની ભરેલી જગ્યા અને ખાલી જગ્યા કેટલી? શહેરની વસ્તીને ધ્યાને રાખીને કેટલા ફૂડ ઈન્સ્પેકટર હોવા જોઈએ? આ બાબતે રાજ્ય સરકારની કોઈ માર્ગદર્શિકા છે કે કેમ?</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>હોદ્દો</th><th>મંજૂર જગ્યા</th><th>ભરેલી જગ્યા</th><th>ખાલી જગ્યા</th></tr>
<tr><td>1</td><td>સિની. ફુડ સેફ્ટી ઓફિસર</td><td>૧</td><td>૧</td><td>૦</td></tr>
<tr><td>2</td><td>ફુડ સેફ્ટી ઓફિસર</td><td>૭</td><td>3</td><td>૪</td></tr>
</table>
<ul>
<li>શહેરની વસ્તીને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલીકામાં હાલની સ્થીતીએ કેટલા ફૂડ સેફ્ટી ઓફિસર હોવા જોઈએ તેવી કોઈ રાજ્ય સરકારની ગાઈડલાઇન નથી.</li>
<li>આ બાબતે રાજ્ય સરકારની કોઈ માર્ગદર્શિકા નથી.</li>
</ul>
</td></tr>
</table>

શાખા: આરોગ્ય શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: ડો.જયેશકુમાર એલ. વકાણી

હોદ્દો: આરોગ્ય અધિકારી